# સુરત CPનો ચાર્જ ફરી IPS વબાંગ જમીરને

**અગાઉ** સુરત પોલીસ કમિશનર અને સુરત રેન્જ આઇજી તરીકે બંને ચાર્જ એકસાથે સંભાળી ચૂક્યા છે

સુરતઃ શહેરના પોલીસ કમિશનર અનુપમ ગહલૌતની અમદાવાદ બદલી થતા ખાલી પડેલી અથવા નિયમિત નિમણૂકના અભાવે ઊભી થયેલી જગ્યા પર સરકારે ફરી એકવાર સુરતના જ જૂના અને અનુભવી આઈપીએસ અધિકારી પર ભરોસો મૂક્યો છે.

રાજ્યના ગૃહ વિભાગ દ્વારા મોડી રાત્રે લેવાયેલા નિર્ણય અનુસાર, એડિશનલ ડીજી (Additional DG) કક્ષાના અધિકારી વબાંગ જમીરને સુરત શહેરના ઈન્ચાર્જ પોલીસ કમિશનર (CP) તરીકેનો તાત્કાલિક પ્રભાવથી ચાર્જ સોંપવામાં આવ્યો છે. અગાઉ તેઓ 74 દિવસ સુધી સુરત પોલીસ કમિશનર તરીકે ચાર્જ સંભાળી ચૂક્યા છે.

૧૯૯૯ બેચના સિનિયર આઈપીએસ અધિકારી વાબાંગ જામીરને હવે સુરત પોલીસની મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે.

ગૃહ વિભાગના સત્તાવાર આદેશ મુજબ, જ્યાં સુધી સુરત શહેરના કાયમી પોલીસ કમિશનરની નિમણૂક અંગેનો નવો હુકમ ન થાય, ત્યાં સુધી વબાંગ જમીર જ સુરત સીપી (CP) તરીકેના ચાર્જમાં રહેશે અને શહેરની કાયદો-વ્યવસ્થાની કમાન સંભાળશે.

# પો. કમિ. ગહલૌતનો નાગરિક વિદાય સમારોહ યોજાયો

**આંખ** ઝબકતાં જ કાર્યકાળ પૂર્ણ થયો હોય તેવું લાગે છેઃ કદીર પીરઝાદા



સુરતઃ શહેરના પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતની અમદાવાદના પોલીસ કમિશનર તરીકે બદલી થતાં શુક્રવારે તેમના સન્માનમાં સુરત શહેર ગણેશોત્સવ સમિતિ અને સુરત શહેર તાજિયા કમિટી દ્વારા સંયુક્ત રીતે સુરતના નાગરિકો વતી વિદાય સમારંભ યોજાયો હતો.

સમારંભમાં શહેરના મેયર માયાબેન માવાણી અધ્યક્ષસ્થાને રહ્યા હતા. આ પ્રસંગે સંત ઉપસ્થિત આગેવાનોએ અનુપમસિંહ ગહલૌતના કાર્યકાળની પ્રશંસા કરતાં તેમના વ્યક્તિત્વ અને વહીવટી ક્ષમતાને બિરદાવી હતી.

સંત અંબરીશાનંદજી મહારાજે જણાવ્યું હતું કે અનુપમસિંહ ગહલૌતે સુરત શહેરમાં માત્ર કાયદો અને વ્યવસ્થાનું જ નહીં પરંતુ સુરક્ષા, એકતા અને માનવતાના મૂલ્યોનું પણ અસરકારક રીતે જતન કર્યું છે. માજી મેયર કદીર પીરઝાદાએ જણાવ્યું હતું કે, પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતનો કાર્યકાળ જાણે આંખ ઝબકતાં જ પૂર્ણ થઈ ગયો હોય તેવી લાગણી થાય છે.

# વાયરલ વિડીયોના આધારે જુગારધામ પર પોલીસ ત્રાટકી

**લાલગેટ** પોલીસે ૩ મહિલા સહિત ૬ સામે ગુનો નોંધ્યો



સુરતઃ સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વિડીયોના આધારે લાલગેટ પોલીસે એક્શનમાં આવીને જાહેરમાં જુગાર રમતી ગેંગ સામે લાલ આંખ કરી છે. ધાસ્તીપુરા મદારીવાડની ગલીમાં જાહેર રસ્તા પર ટેબલ પાથરીને ગંજીપાના વડે હાર-જીતનો જુગાર રમતી ત્રણ મહિલા સહિત કુલ ૬ ઈસમ વિરુદ્ધ પોલીસે જુગાર અટકાયતી ધારા હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

લાલગેટ પોલીસ સ્ટેશનના પી.આઈ. એચ.જે.સોલંકીને બાતમી અને સોશિયલ મીડિયાના માધ્યમથી એક વિડીયો ફૂટેજ પ્રાપ્ત થયો હતો, જેમાં કેટલીક મહિલાઓ અને પુરુષો જાહેરમાં બિનધાસ્ત રીતે જુગાર રમી રહ્યાં હોવાનું દેખાતું હતું. પી.આઈ. ની સૂચનાના આધારે સર્વેલન્સ સ્ક્વોડના એ.પી.કો. હરેશભાઈ રામજીભાઈ, એ.એસ.આઈ. સાજીદમીયા અને હેડ કોન્સ્ટેબલ મિહિરકુમારે આ વાયરલ વિડીયોની તપાસ અને ખરાઈ શરૂ કરી હતી.

તપાસ દરમિયાન પોલીસે વિડીયોમાં દેખાતી એક મહિલા પુષ્પાબેન ઉર્ફે આયશા મોહશીન રફીક શાહ (રહે.,મદારીવાડ) ની અટકાયત કરી પૂછપરછ હાથ ધરી હતી. પોલીસની સઘન પૂછપરછમાં તેણીએ સ્વેચ્છાએ ગુનાની કબૂલાત કરી હતી. તેણીએ જણાવ્યું હતું કે, ગત તા.૨૪/૬/૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૮ વાગ્યે તેણી તથા અન્ય સાગરીતોએ ભેગા મળી ધાસ્તીપુરાની ગલીમાં જાહેર જગ્યાએ ગંજીપાના વડે પૈસાની હાર-જીતનો જુગાર રમ્યા હતા. પોલીસે જ્યારે ઘટના સ્થળે તપાસ હાથ ધરી ત્યારે આરોપી મહિલાઓ પુષ્પાબેન અને દક્ષાબેન હાજર મળી આવ્યાં હતાં. જુગારના દાવ પર લગાવેલા રૂપિયા બાબતે પૂછતાં માલૂમ પડ્યું હતું કે, દીપકોર ઉર્ફે જમ્બો પાસે ૫૦૦-૫૦૦ના દરની ૮ ચલણી નોટ મળી કુલ ૪,૦૦૦ રોકડા હતા. જ્યારે જુગાર રમવા માટે ઉપયોગમાં લેવાયેલું પ્લાસ્ટિકનું ટેબલ તૂટી ગયું હોવાથી આરોપીઓએ તેને ભંગારમાં વેચી દીધું હોવાનું જણાવ્યું હતું. પોલીસે ઘટના સ્થળેથી જુગાર રમવાના ૫૨ નંગ ગંજીપાના જપ્ત કર્યા છે. લાલગેટ પોલીસે પુષ્પાબેન ઉર્ફે આયશા મોહશીન રફીક શાહ (રહે.,મદારીવાડ), દક્ષાબેન હરજીભાઈ રાજાભાઈ રાઠોડ (રહે.,મદારીવાડ), દીપકોર ઉર્ફે જમ્બો જીતુસિંઘ શેરસિંગ સીગલીગર (રહે.,પાલિયા ઝૂંપડપટ્ટી, સુરત), એઝાઝ, રહીમ અને અન્ય એક અજાણ્યો પુરુષ વિરુદ્ધ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

## સચિન-પલસાણા રોડ પર ટ્રકની ટક્કરે મોપેડ ચાલકનું મોત, મિત્રને ઇજા

સુરતઃ સચિન-પલસાણા રોડ પર ટ્રક ચાલકે ટક્કર મારતાં મોપેડ સવાર એકનું મોત થયું હતું. જ્યારે અન્ય મિત્રને ઈજા થઈ હતી. મળેલી માહિતી મુજબ, મુળ તમિલનાડુના વતની ૨૦ વર્ષીય વલ્લારામ એધમ્બી હાલમાં ઉધના વિસ્તારમાં આવેલ પટેલનગરમાં રહેતો હતો. તે વાસણના કામ સાથે જોડાયેલો હતો. ગુરુવારે સાંજે તેના મિત્ર અરવીંથાકુમાર સાથે તે બાઈક પર પલસાણા તરફ કામ માટે જતો હતો. તે વખતેસચિન પલસાણાના ટી પોઈન્ટ રોડ પર ડી માર્ટ પાસે ટ્રક ચાલકે તેમની મોપેડને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ગંભીર ઈજા થતા વલ્લારામનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત થયું હતું. જયારે તેના મિત્રને ઈજા થઈ હોવાનું જાણવા મળ્યું હતું.

ગભેણી સ્થિત શ્રી ચક્રધર પ્રોસેસર્સ સામે ગંભીર આક્ષેપો

# બોરમાંથી રોજ 15 લાખ લીટર પાણી ખેંચાતું હોવાની ફરિયાદ

**આરઓયુ** વિના પાણીનો ઉપયોગ, સીઈટીપીનું ગેરકાયદે જોડાણ

**તંત્રના** મૌન સામે અનેક સવાલો

સુરત : સચીન ગભેણી ગામ નજીક આવેલી શ્રી ચક્રધર પ્રોસીસર પ્રા. લિ. સામે પર્યાવરણ અને કાયદાકીય નિયમોના ગંભીર ભંગના આક્ષેપો ઉઠતા સમગ્ર વિસ્તારમાં ચર્ચા જાગી છે. સ્થાનિક સ્તરે થયેલી ફરિયાદો મુજબ મિલ દ્વારા જરૂરી મંજૂરી રાઈટ ઓફ યુઝ (આરઓયુ) વિના સીઈટીપીનો વપરાશ થઈ રહ્યો છે. રોજ અંદાજે 15 લાખ લીટર ભૂગર્ભજળ બોરવેલમાંથી ઉપાડવામાં આવી રહ્યું હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.

કોમન ઈફ્લુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું બિનકાયદેસર જોડાણ છે. જો આ બાબત સાચી હોય તો તે પ્રદૂષણ નિયંત્રણ સંબંધિત નિયમોનો સીધો ભંગ ગણાય. ઉપરાંત, મિલમાં પ્લાન પાસ કરાવ્યા વિના ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવ્યું હોવાના પણ આક્ષેપો થઈ રહ્યા છે. આક્ષેપો મુજબ એક જ ઔદ્યોગિક એકમ સામે પાણીના ગેરકાયદે ઉપયોગથી લઈને પર્યાવરણીય નિયમોના ભંગ અને બાંધકામના નિયમોના ઉલ્લંઘન સુધીના અનેક ગંભીર મુદ્દા સામે આવ્યા હોવા છતાં સંબંધિત વિભાગો દ્વારા કોઈ અસરકારક કાર્યવાહી ન થતાં અનેક સવાલો ઊભા થયા છે. સ્થાનિકોમાં એવી ચર્ચા છે કે જો ફરિયાદો લાંબા સમયથી કરવામાં આવી રહી છે તો હજુ સુધી તપાસ કે કાર્યવાહી કેમ હાથ ધરવામાં આવી નથી? હવે સ્થાનિક લોકો અને પર્યાવરણપ્રેમીઓ દ્વારા જિલ્લા વહીવટીતંત્ર, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB), ભૂગર્ભ જળ વિભાગ, ગ્રામ પંચાયત તેમજ સંબંધિત સત્તાધિકારીઓ દ્વારા સ્થળ પર સંયુક્ત તપાસ કરી હકીકતો જાહેર કરવામાં આવે અને જો કોઈ ગેરરીતિ જણાય તો જવાબદારો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

# સુરત એરપોર્ટ પરથી 5 મહિનામાં રૂ.7.61 લાખ મુસાફરો નોંધાયા

**મે** મહિનામાં 1,59,130 સ્થાનિક મુસાફરોએ ઉડાન ભરી

સુરતઃ સુરત એરપોર્ટ પર મે મહિનામાં સ્થાનિક મુસાફરોની સંખ્યામાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. મે 2026 માં આંતરરાષ્ટ્રીય ફ્લાઈટો બંધ રહી હતી. છેલ્લા પાંચ મહિનામાં 7.61 લાખ મુસાફરોની અવરજવર નોંધાઈ છે.

સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટના મે-2026ના ટ્રાફિક આંકડા જાહેર થયા છે. મે મહિનામાં એરપોર્ટ પરથી કુલ 1,59,130 સ્થાનિક મુસાફરોએ અવરજવર કરી હતી. જ્યારે આંતરરાષ્ટ્રીય મુસાફરોની સંખ્યા શૂન્ય રહી હતી, જે દર્શાવે છે કે આ મહિનામાં કોઈ નિયમિત આંતરરાષ્ટ્રીય ફ્લાઈટનું સંચાલન થયું નહોતું.

એપ્રિલથી મે-2026ના સંયુક્ત આંકડા મુજબ સુરત એરપોર્ટ પરથી 2,91,494 સ્થાનિક મુસાફરો અને 4,114 આંતરરાષ્ટ્રીય મુસાફરો મળી કુલ 2,95,608 મુસાફરોએ અવરજવર કરી હતી. તાજેતરમાં કેટલીક આંતરરાષ્ટ્રીય ફ્લાઈટોના સંચાલનમાં આવેલા ફેરફારોને કારણે મે મહિનામાં આંતરરાષ્ટ્રીય ટ્રાફિક નોંધાયો નહોતો.

કાર્ગો ક્ષેત્રે પણ એરપોર્ટની કામગીરી સતત આગળ વધી રહી છે. મે-2026 દરમિયાન સુરત એરપોર્ટ પરથી કુલ 842.40 મેટ્રિક ટન માલસામાન (કાર્ગો)ની હેરફેર નોંધાઈ હતી.

એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરાયેલા વર્ષ 2026ના જાન્યુઆરીથી મે સુધીના આંકડા મુજબ સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી કુલ 7,61,671 મુસાફરોની અવરજવર નોંધાઈ છે. તેમાં 7,07,761 સ્થાનિક (ડોમેસ્ટિક) અને 53,910 આંતરરાષ્ટ્રીય મુસાફરોનો સમાવેશ થાય છે.

### છેલ્લા પાંચ મહિનાના મુખ્ય આંકડા

કુલ મુસાફરોઃ 7,61,671
ડોમેસ્ટિક મુસાફરોઃ 7,07,761
આંતરરાષ્ટ્રીય મુસાફરોઃ 53,910
કુલ એરક્રાફ્ટ મૂવમેન્ટઃ 7,208
ડોમેસ્ટિક એરક્રાફ્ટ મૂવમેન્ટઃ 6,827
આંતરરાષ્ટ્રીય એરક્રાફ્ટ મૂવમેન્ટઃ 381
કુલ ડોમેસ્ટિક કાર્ગોઃ 4,961 મેટ્રિક ટન
મે મહિનાના મુસાફરોઃ 1,59,130 (માત્ર ડોમેસ્ટિક)
મે મહિનાનો કાર્ગોઃ 842.40 મેટ્રિક ટન

# ગાંજા કેસમાં બે આરોપીને પાંચ વર્ષની જેલની સજા

**ચાર** વર્ષ પહેલાં એસઓજીની ટીમે ગાંજા સાથે આરોપીઓની ધરપકડ કરી હતી

સુરતઃ સ્પેશિયલ એન.ડી.પી.એસ. કોર્ટે કત્તારગામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વર્ષ 2022ના ગાંજાના કેસમાં આરોપી બબલુ રામદયાલ કુર્મી પટેલ અને કાર્તિક ઉર્ફે હાથી ગોપાલ પરીડાને દોષિત ઠેરવી પાંચ વર્ષની કેદની સજા અને દંડ ફટકાર્યો હતો. જ્યારે ત્રીજા આરોપી રઘુ રોકડાને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

આ કેસની વિગત એવી હતી કે તા. 4 એપ્રિલ, 2022ના રોજ એસઓજીની ટીમે બાતમીના આધારે વરાછા-કત્તારગામને જોડતા પ્રમુખસ્વામી (અશ્વિનીકુમાર) ઓવરબ્રિજ નીચે દરોડો પાડી બે આરોપીને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી કુલ 3.952 કિલોગ્રામ ગાંજો, રોકડા રૂ.9,060, બે ડિજિટલ વજનકાંટા તથા અન્ય મુદ્દામાલ મળી કુલ અંદાજે રૂ.49 હજારથી વધુનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ એનડીપીએસ કોર્ટમાં ચાલી હતી.

ફરિયાદ પક્ષે સરકારી વકીલ સંતોષ ગોહિલ હાજર રહ્યાં હતાં. કેસની સુનાવણી દરમિયાન ફરિયાદ પક્ષે પોલીસ અધિકારીઓ, પંચ સાક્ષીઓ તેમજ એફએસએલ અધિકારી સહિત કુલ 20 સાક્ષીઓના નિવેદનો અને દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા.આ કેસની સુનાવણી પૂર્ણ થયાં બાદ સ્પેશિયલ એનડીપીએસ કોર્ટે આરોપી બબલુ અને કાર્તિક ઉર્ફે હાથીને દોષિત ઠેરવી પાંચ વર્ષની સજા અને દરેકને રુપીયા ૧૦ હજારનો દંડ ફટકાર્યો હતો.

## કાપોદ્રામાં હીરાના કારખાનામાં શંકાસ્પદ રીતે ત્રીજા માળેથી નીચે પટકાતાં રત્નકલાકારનું મોત

સુરતઃ કાપોદ્રામાં હીરાના કારખાનામાં શંકાસ્પદ રીતે ત્રીજા માળેથી નીચે પટકાતાં રત્નકલાકારનું મોત નીપજ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં એકલવાયું જીવનથી કંટાળી આપઘાત કર્યો હોવાની આશંકા સેવાઈ રહી છે. મળતી માહિતી મુજબ મૂળ અમરેલી જિલ્લાના વતની 40 વર્ષીય સંજયભાઈ ચંદુલાલ મહેતા હાલ કાપોદ્રા ગાયત્રી સોસાયટીમાં ગેટ નંબર-5માં આવેલા હીરાના કારખાનામાં રહેતા હતા અને ત્યાં જ રત્નકલાકાર તરીકે કામ કરતા હતા. સંજયભાઈના ત્રણેક વર્ષ પહેલા છૂટાછેડા થયા હતા. કાલે બપોરે સંજયભાઈ કારખાનાના ત્રીજા માળેથી રહસ્યમય સંજોગોમાં નીચે પટકાતાં ગંભીર પહોંચી હતી.

## કરંજમાં રૂ.2.64 કરોડના ખર્ચે બનશે આધુનિક વેજિટેબલ માર્કેટ

સુરતઃ શહેરમાં રસ્તાઓ પર થતા ગેરકાયદેસર દબાણોને દૂર કરવા તેમજ શાકભાજી વિક્રેતાઓ અને સામાન્ય નાગરિકોને એક સુવિધાજનક પ્લેટફોર્મ પૂરું પાડવા માટે મનપા દ્વારા વિવિધ વિસ્તારોમાં વેજીટેબલ માર્કેટ બનાવાયા છે. જે અંતર્ગત શહેરના વિવિધ ઝોનમાં નવી માર્કેટોના નિર્માણ અને જૂની માર્કેટોના આધુનિકીકરણની કામગીરી ચાલી રહી છે. વરાછા ઝોન-એ ના કરંજ વિસ્તારમાં રહેતા લોકોને શાક માર્કેટની સુવિધા આપવા માટે ટી.પી. સ્કીમ નં. 3 ના ફાઈનલ પ્લોટ નં.23 પર નવી આધુનિક વેજીટેબલ માર્કેટ બનાવવાનો નિર્ણય લેવાયો છે, જે અંગેની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ મુકવામાં આવી છે.

# વિશ્વના ટોચના 5% વૈજ્ઞાનિકોમાં VNSGUના બે પ્રાધ્યાપકો સામેલ

**પ્રો. રાજેશ** પટેલ અને પ્રો. કિશોર ચિખલિયાએ યુનિવર્સિટીને ગૌરવ અપાવ્યું




સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU) માટે ગૌરવની ક્ષણ સર્જાઈ છે. યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીના બે પ્રાધ્યાપકોને વિશ્વના ટોચના 5 ટકા વૈજ્ઞાનિકોમાં સ્થાન પ્રાપ્ત થતાં સમગ્ર શૈક્ષણિક જગતમાં આનંદની લાગણી વ્યાપી છે. યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગના પ્રાધ્યાપક પ્રો. રાજેશ પટેલ અને કેમેસ્ટ્રી વિભાગના પ્રો. કિશોર એચ. ચીખલિયાને સાયરૅન્ક ગ્લોબલ રજિસ્ટ્રી-2025 દ્વારા આ પ્રતિષ્ઠિત સ્થાન આપવામાં આવ્યું છે. પ્રો. રાજેશ પટેલ અને પ્રો. કિશોર એચ. ચીખલિયાએ પોતાના ગુણવત્તાસભર સંશોધન, આંતરરાષ્ટ્રીય સ્તરના વૈજ્ઞાનિક પ્રકાશનો અને જ્ઞાનસર્જન ક્ષેત્રે નોંધપાત્ર યોગદાનના બળે આ સિદ્ધિ હાંસલ કરી છે. તેમની આ ઉપલબ્ધિ માત્ર વ્યક્તિગત સફળતા જ નહીં પરંતુ વીએનએસજીયુમાં વિકસતી સંશોધન સંસ્કૃતિ અને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે થઈ રહેલી ગુણવત્તાસભર કામગીરીનું પણ પ્રતિબિંબ છે.

આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે. એન. ચાવડાએ બંને પ્રાધ્યાપકોને અભિનંદન પાઠવ્યા હતા.

# ચાલુ કારમાં જ લકવાનો એટેક આવતાં 5 વાહન ઉડાવી દીધા

**અકસ્માતમાં** મૃત્યુ પામનાર બાળકીના બારમાની વિધિમાં જઈ રહ્યો હતો ત્યારે જ અકસ્માત સર્જ્યો

**ચોમાસુ** શરૂ થાય એટલે તરત જ લકવો થવાની અનોખી બિમારી છે

સુરતઃ પગમાં લકવાની અસર થતાં સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવનાર કાર ચાલકે ડિંડોલીમાં એક પછી એક પાંચ વાહનોને અડફેટે લીધા હતા. આ કારની અડફેટે વાહનો ઉપરાંત એક લારી પણ આવી ગઈ હતી. કાર ચાલકને ચોમાસું શરુ થતાં જ ડાબા પગમાં લકવાની અસર શરુ થઈ જવાની બીમારી છે.

અકસ્માત સર્જનાર ૩૮ વર્ષીય કારચાલક પ્રશાંત પ્રકાશ આરેગીરી પોતે વ્યવસાયે ડ્રાઈવર છે. જોકે, તેને એક વિચિત્ર મેડિકલ કન્ડિશન છે, જેમાં દર વર્ષે ચોમાસાની ઋતુ શરૂ થતાં જ તેના ડાબા પગમાં પેરાલિસિસ (લકવા) ની અસર થાય છે. દુર્ઘટના સમયે તે કાર ચલાવી રહ્યો હતો ત્યારે અચાનક તેનો ડાબો પગ સુન્ન થઈ જતાં તે બ્રેક અને ક્લચ પરથી કાબૂ ગુમાવી બેઠો હતો, જેના કારણે આ હોનારત સર્જાઈ હતી.

આ ઘટના પાછળ એક અત્યંત કરુણ સંયોગ પણ પ્રકાશમાં આવ્યો છે. હજુ બાર દિવસ પહેલાં જ ડિંડોલીમાં અન્ય એક કારની ટક્કરથી ચાર વર્ષની માસૂમ બાળકીનું કરુણ મોત નીપજ્યું હતું. આશ્ચર્યની વાત એ છે કે, આજે અકસ્માત કરનાર ડ્રાઈવર પ્રશાંત તે જ મૃતક બાળકીના મોતના 'બારમા'ની વિધિમાં શોકગ્રસ્ત પરિવારને સાંત્વના આપવા જઈ રહ્યો હતો. પરંતુ તે પહોંચે તે પહેલા જ તેના પગે દગો દીધો હતો.સીસીટીવી ફૂટેજ અનુસાર, કારે સર્વપ્રથમ લારીને ફંગોળી આગળ જઈ રહેલા બાઈક સવારોને હવામાં ઉછાળ્યા હતા.

સદનસીબે, બાઈક ચાલકે હેલ્મેટ પહેર્યું હોવાથી તે કારના ટાયર નીચે આવતા-આવતા બચી ગયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે લોહીલુહાણ થયેલા ત્રણ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ મારફતે સ્મીમેર હોસ્પિટલ ખસેડાયા છે, જ્યાં એક વૃદ્ધની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સુરતના હેમંતી જરદોશે અમેરિકામાં વડીલોને નેઈલ-થ્રેડ આર્ટ શીખવી



સુરતઃ જીવન સંધ્યા મંડળ, ફોલસમ, કેલિફોર્નિયા,અમેરિકા ખાતે યોજાયેલા એક સિનિયર્સના કાર્યક્રમમાં હાજર રહેલા વડીલોને હેમંતીબેન જરદોશે નેઈલ એન્ડ થ્રેડ આર્ટ દ્વારા ડિઝાઇન બનાવતા શીખવી હતી. જેમાં પતંગિયાની ડિઝાઇન બનાવતા શીખવાડી હતી તથા પેરિસના પ્રખ્યાત એફિલ પાવરની પ્રતિકૃતિ બતાવી હતી. બધા જ વડીલોએ આ વખાણી હતી તથા શીખી પણ હતી. અંતે હેમંતી જરદોશે ડો શ્રદ્ધાબેન પટેલ તથા વિજુભાઈ પટેલને તેઓને માટે બનાવેલી ફોટો ફ્રેમ અર્પણ કરી હતી.

### પંચમ્ ગ્રુપ દ્વારા જીતેન્દ્રનાં ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાયો



સુરતઃ 'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત પંચમ ગ્રુપ દ્વારા ૩૭૮મો જીતેન્દ્રના ફિલ્મી ગીતોનો જાહેર કાર્યક્રમ ૨૮મી જૂનના રવિવારે સ્વરાંગન સ્ટુડિયો, પાલ, સુરત ખાતે યોજાયો હતો. જેમાં રિદ્ધિશકુમાર, આશિષ દારૂવાલા, નૈષધ શુક્લા, રીમા શર્મા, અનિલ મિસ્ત્રી, ગુલામ શેખ, સુકેતુ દેસાઈ, મુકેશ ભરડીવાલા, પરીક્ષિત ભટ્ટ, સ્મિતા મેહતા, શીતલ મેહતા રિતેશ પટેલ અને કિશોર કડવાણીએ જીતેન્દ્રના ફિલ્મી ગીતો રજૂ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન રીમા શર્માએ કર્યું હતું.

### વસઈ અને વૈતરણ વચ્ચેના બ્લોકને કારણે આજે રાતે વિરાર-ભરૂચ મેમુ મોડી દોડશે

સુરતઃ રેલવે ટ્રેક, સિગ્નલિંગ તેમજ ઓવરહેડ સાધનોની જાળવણી અને સમારકામના કામ માટે શનિવાર અને રવિવાર એટલે કે 04/05 જુલાઈ, 2026ની મધ્યરાત્રિએ વસઈ રોડ અને વૈતરણ સ્ટેશનો વચ્ચે અપ અને ડાઉન ફાસ્ટ લાઈનો પર જમ્બો બ્લોક લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ બ્લોકના કારણે ટ્રેન વ્યવહાર પર થોડી અસર પડશે, જેમાં વિરારથી વહેલી સવારે 04:35 વાગ્યે પ્રસ્થાન કરતી ટ્રેન સંખ્યા 19101 (વિરાર-ભરૂચ મેમુ) પોતાના નિયત સમય કરતાં 10 મિનિટ મોડી એટલે કે સવારે 04:45 વાગ્યે ઉપડશે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જાહેર કરવામાં આવેલી સત્તાવાર અખબારી યાદી અનુસાર, આ રાત્રિકાલીન જમ્બો બ્લોક 04 જુલાઈ, 2026ના રોજ રાત્રે 23:55 વાગ્યાથી શરૂ થશે અને 05 જુલાઈ, 2026ના રોજ વહેલી સવારે 04:30 વાગ્યા સુધી ચાલુ રહેશે.

### તા.4 જુલાઈએ વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની જન્મજયંતીએ સ્મરણાંજલિ સભા યોજાશે



સુરતઃ ગુજરાતની પ્રતિષ્ઠિત સાહિત્યિક સંસ્થા નર્મદ સાહિત્ય સભાના અને જે શિક્ષણ સંસ્થામાં સેવારત રહેલા એવી એમ.ટી.બી.આર્ટસ કોલેજના ઉપક્રમે તારીખ 4-7-26,શનિવારના રોજ બપોરે 12 કલાકે આચાર્ય કે.સી.મહેતા સ્મૃતિ ખંડમાં વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની 126મી સ્મરણાંજલિ સભાનું આયોજન સાર્વજનિક સોસાયટીના પ્રમુખ આશિષ વકીલના અધ્યક્ષપદે કરવામાંઆવ્યું છે. આ પ્રસંગે પ્રા. રાકેશ દેસાઈ વક્તવ્ય પ્રસ્તુત કરશે. વાર્તાકાર હિમાંશીબહેન લેખીત લેખાંકનનું વાંચન નર્મદ સાહિત્ય સભાના પ્રમુખ બકુલ ટેલર કરશે. જ્યારે પારિવારીક સંવેદનભાવોક્તિ કશ્યપ મહેતા પ્રસ્તુત કરનાર છે. ત્રિવેદી સાહેબ પર કંડારેલ ક્લીપીંગ્સ ફિલ્મ મહામંત્રી નરેશ કાપડીઆ રજૂ કરશે. સભાની ઔપચારિકતા કપિલદેવ શુક્લ, આચાર્ય મુકેશભાઈ પટેલ, મયંક ત્રિવેદી અને રાજન ભટ્ટ નિભાવશે.

### ફેમિલી ફિઝિશિયન એસો.ની લેડિઝ વિંગમાં મનોરંજક મનોવૈજ્ઞાનિક કાર્યક્રમ યોજાયો



સુરતઃ ફેમિલી ફિઝિશિયન એસોસિયેશન, લેડિઝ વિંગ દ્વારા દર મહિનાના પ્રથમ અઠવાડિયામાં યોજાતા મિલન કાર્યક્રમમાં કાઉન્સેલિંગ સાયકોલોજિસ્ટ રૂચિરા જોખાકર દ્વારા મનોવિજ્ઞાન આધારિત રસપ્રદ પ્રવૃત્તિઓ યોજાઈ. કાર્યક્રમનું સંપૂર્ણ કો ઓર્ડીનેશન પ્રેસિડેન્ટ શીલાબેન મહેશ્વરી અને સંચાલન ડૉ.હિના જયેશ તમાકુવાલાએ સુપેરે કર્યું હતું. હાજર સભ્યોએ ઇમોશનલ શેરાડસ, લાઇફ એક્સપિરિયન્સ શેરાડસ, ગેસ ધ કોપિંગ સ્કિલ્સ અને કનેક્ટ ધ વર્ડ જેવી રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. સભ્યોએ વિવિધ લાગણીઓ અને માનસિક સ્વાસ્થ્ય માટે ઉપયોગી કોપિંગ સ્કિલ્સનું સુંદર અભિનય કરીને કાર્યક્રમને જીવંત બનાવી દીધો. કાર્યક્રમના અંતે યોજાયેલી ક્લે બાઉલ મેકિંગ પ્રવૃત્તિ દ્વારા 'એમ્પ્ટી નેસ્ટ' જીવનના તબક્કામાં પોતાની જાતને સ્વીકારી, મિત્રતા, આનંદ અને સકારાત્મક અનુભવો દ્વારા મનને સુંદર રીતે ઘડી શકાય છે તેવો સંદેશ આપવામાં આવ્યો.

### સિનિયર નેશનલ એક્વાટિક ચેમ્પિયનશિપમાં કુંજ દેસાઈને સિલ્વર મેડલ



સુરતઃ ગુજરાતના પ્રતિભાશાળી તરવૈયા અને SASCMA ઈંગ્લિશ મીડિયમ કોમર્સ કોલેજના વિદ્યાર્થી કુંજ હર્ષદ દેસાઈએ 79મી સિનિયર નેશનલ એક્વાટિક ચેમ્પિયનશિપ-2026માં 200 મીટર બ્રેસ્ટસ્ટ્રોક સ્પર્ધામાં 2:21.26 મિનિટના સમય સાથે સિલ્વર મેડલ જીતી રાજ્ય અને કોલેજનું ગૌરવ વધાર્યું છે. અમદાવાદમાં 16થી 21 જૂન દરમિયાન યોજાયેલી આ ચેમ્પિયનશિપમાં કુંજના શાનદાર પ્રદર્શન બદલ કોલેજના મેનેજમેન્ટ, પ્રિન્સિપાલ, સ્ટાફ અને વિદ્યાર્થીઓએ તેમને અભિનંદન પાઠવી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપી હતી.

### જો સાચું માર્ગદર્શન ન મળે તો જીવનમાં ભડાકા થાયઃ પદ્મદર્શનસૂરિજી



ભીવંડીઃ અંજુર ફાટા સ્થિત શ્રી શંખેશ્વરધામ શ્વે. મૂ. પૂ. જૈન સંઘના આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે 'આ પ્રકાશ નથી પણ ભડકો છે' એ વિષય પર પ્રવચન પ્રસાદી પાઠવતા કહ્યું હતું કે, આકાશમાંથી પડતી વીજળી જો તાંબાના તારમાં લઈ લો તો જમીનમાં ઉતરી જાય છે. નહીં તો ભલભલાને સળગાવીને ભડથું કરી નાંખે છે. યૌવનના ઉંબરે આવીને ઉભેલા યુવાનને જો સાચું માર્ગદર્શન ન મળે તો જીવનમાં ગમે ત્યારે ભડકા થઈ શકે છે. અનાદિ કાળથી આત્મામાં જન્મ-જન્માન્તરનાં 'સુ' અને 'કુ' એમ બંનેય પ્રકારના સંસ્કારો પડ્યા છે. જો સારું નિમિત્ત મળશે તો બેડો પાર થઈ જશે પણ નબળું નિમિત્ત મળશે તો જીવનનું સત્યાનાશ નીકળી જશે. અત્યારનો સમય બહુ ખરાબ ચાલી રહ્યો છે. છેતરપિંડી, જૂઠ અને વિશ્વાસઘાતના પ્રસંગો ખૂબ બની રહ્યા છે. આવા ફ્રોડબાજોની ફોજ ચારેય બાજુ સક્રિય બની છે. એમાં તમે સહેજ પણ ગાફેલ રહ્યા તો ગયા કામથી, જાગ્રતિ એ જ જીવન છે એ ક્યારેય ભૂલતા નહીં.